**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 3, Issue - 6, Nov-Dec – 2020
Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.589
Received on : 21/11/2020 Accepted on : 06/12/2020 Publication Date: 30/12/2020

# શિક્ષણનાં અધિકાર (RTE - 2009) અંગે શિક્ષકોની જાગૃતતાનો અભ્યાસ

**ડૉ.ગૌતમકુમાર એ. સોલંકી**
અધ્યાપક સહાયક, કોલેજ ઓફ એજ્યુકેશન, બાસ્પા
Email - gautam8711@gmail.com

**સારાંશ :** ભારત વિપુલ વસ્તી ધરાવતો દેશ છે. તેમાં સાક્ષરતાનું જે પ્રમાણ છે, તેની સામે નિરક્ષરતાનું પણ પ્રમાણ જોવા મળે છે. ભારતમાં ૭૪% સાક્ષરતા જોવા મળે છે. દેશમાં શિક્ષણનો વ્યાપ વધારવા માટે બંધારણના માર્ગદર્શક સિદ્ધાંતોની કલમ – ૪૫ દ્વારા આપણે બંધારણના અમલથી પ્રથમ દસ વર્ષના સમયગાળામાં મફત અને સાર્વત્રિક શિક્ષણનું કાર્ય ૬ થી ૧૪ વર્ષના બાળકો માટે કરવાનું હતું. જેના પરિણામો નિરાશાજનક રહેતા વર્ષ ૨૦૦૯ માં શિક્ષણનો અધિકાર (RTE - 2009) નામના કાયદાને ભારતની સંસદ દ્વારા ઘડવામાં આવ્યો. આ કાયદા અંતર્ગત ૬ થી ૧૪ વર્ષના બાળકોને મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણ આપવાની જોગવાઇ કરવામાં આવી. જેના અનુસંધાને પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય હેતુ શિક્ષકોની RTE - 2009 પ્રત્યેની જાગૃતતાનો અભ્યાસ કરવાનો હતો. જેમાં વ્યાપવિશ્વ તરીકે પાટણ જિલ્લાનાં ચાણસ્મા અને હારીજ તાલુકાની પ્રાથમિક શાળાના શિક્ષકોની પસંદગી કરવામાં હતી. જેમાં નમૂના તરીકે ૨૫ પ્રાથમિક શાળાના ૧૦૦ શિક્ષકોમાંથી ૫૦ શિક્ષકો અને ૫૦ શિક્ષિકાઓને યાદૃચ્છિક રીતે પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં માહિતી એકત્રિત કરવા માટે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. જેના તારણોમાં શિક્ષકો અને શિક્ષિકાઓની RTE – 2009 પ્રત્યેની જાગૃતતામાં સાર્થક તફાવત ન હતો તેમજ ગ્રામ્ય અને શહેરી વિસ્તારના શિક્ષકોના RTE – 2009 પ્રત્યેની જાગૃતતામાં સાર્થક તફાવત જોવા મળેલ નથી.

**ચાવીરૂપ શબ્દો :** RTE – 2009, શિક્ષકો, જાગૃતતા અને અભ્યાસ.

## (૧) પ્રસ્તાવના :

શિક્ષણ એ મનુષ્યની પાયાની જરૂરીયાત રહી છે. માત્ર પ્રાણી તરીકે જન્મેલા માનવી શિક્ષણ દ્વારા પરીકૃત થઇ શકે અને એ જ માનવ તરીકે આકાર પામે છે. તેના માનવદેહનું ઘડતર શિક્ષણ કરે છે. કોઈપણ દેશની પ્રગતિનો આધાર સ્તંભ તેનું શિક્ષણ છે. ભારત વિપુલ વસ્તી ધરાવતો દેશ છે. તેમાં સાક્ષરતાનું જે પ્રમાણ છે, તેની સામે નિરક્ષરતાનું પણ પ્રમાણ જોવા મળે છે. ભારતમાં ૭૪% સાક્ષરતા જોવા મળે છે. વિપુલવસ્તી ધરાવતા ભારત જેવા દેશમાં જે ગરીબ અને પછાત છે તે શિક્ષણથી વંચીત રહી જાય છે. જે ખરેખર યોગ્ય ન ગણાય. શિક્ષણ એ રાષ્ટ્રીય તાકાત છે. નજીકના ભવિષ્યમાં ૧૦૦% સાક્ષરતાનું પ્રમાણ વધે અને ' ભાર વિનાના ભણતર ' માટેના પ્રયત્નો થઇ રહ્યા છે.

દેશમાં શિક્ષણનો વ્યાપ વધારવા માટે તથા દેશના તમામ શહેરો, ગામડાઓ, અંતરિયાળ વિસ્તારો, છૂટાછવાયા લોકો, સતત ધંધામાં વ્યસ્ત કામદારોના બાળકોને યોગ્ય શિક્ષણ મળી રહે તે હેતુથી સરકાર દ્વારા જુદા જુદા અધિનિયમો બનાવાય અને સર્વવ્યાપ થાય તેવા પ્રયત્નોના ભાગરૂપે સ્વતંત્ર ભારતમાં બંધારણના માર્ગદર્શક સિદ્ધાંતોની કલમ – ૪૫ દ્વારા આપણે બંધારણના અમલથી પ્રથમ દસ વર્ષના સમયગાળામાં મફત અને સાર્વત્રિક શિક્ષણનું કાર્ય ૬ થી ૧૪ વર્ષના બાળકો માટે કરવાનું હતું, જેમાં ૧૯૮૬ ની નવી શિક્ષણ નીતિ ત્યારબાદ ડી.પી.ઈ.પી. (જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ) જેવી મહત્વકાંક્ષી યોજનાઓએ આપણા પ્રયાસોમાં મદદ કરી. વર્ષ ૨૦૦૧ થી ૧૦૦% નામાંકન, ૧૦૦% સ્થાયીકરણ અને ગુણવત્તાયુક્ત શિક્ષણના ઉચ્ચ ધ્યેયો સાથે એસ.એસ.એ. (સર્વ શિક્ષા અભિયાન) અમલી બનાવાયું. આ કાર્યક્રમો દરમિયાન એવું ધ્યાનમાં આવ્યું કે પ્રાથમિક શિક્ષણને બાળકનો મૂળભૂત અધિકાર ગણવામાં આવે તો રાજ્ય સરકારથી લઈને શાળા અને સમુદાય સ્તરની તમામ સીસ્ટમ પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ માટે વધુ સક્રિય બને. આમ, બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ - ૨૦૦૯ (RTE - 2009) કાયદા સ્વરૂપે અમલમાં આવ્યો. આ (RTE - 2009) શિક્ષણના અધિકાર કાયદા વિશે શિક્ષકોમાં કેટલી જાગૃતતા આવી છે અને તે કાયદા પ્રત્યે કેટલા જાગૃત છે તે જાણવા માટે આ સંશોધન હાથ ધરવામાં આવ્યું છે.

## (૨) પૂર્વે થયેલાં સંશોધનોની સમીક્ષા :

- નીલમ ભંડારીએ (૧૯૯૭) માનવ અધિકાર પ્રત્યે આદિવાસી વિદ્યાર્થીઓની જાગૃતતા વિષય પર સંશોધન હાથ ધર્યું હતું. સંશોધનનો મુખ્ય હેતુ આદિવાસી વિદ્યાર્થીઓની માનવ અધિકાર પ્રત્યે જાગૃતતા જાણવી તેમજ જે વિદ્યાર્થીઓ માનવ અધિકાર પ્રત્યે જાગૃત નથી તેની પાછળના કયા કારણો છે તે જાણવાનો હતો.
- નરેશ રોહિતે (૨૦૧૪) આદિવાસી વિસ્તારના શિક્ષકો અને વાલીઓની શિક્ષણનો અધિકાર (RTE – 2009) અંગેની જાગરૂકતાનો અભ્યાસ વિષય પર સંશોધન હાથ ધર્યું હતું. સંશોધનનો મુખ્ય હેતુ આદિવાસી વિસ્તારના શિક્ષકો અને વાલીઓની શિક્ષણના અધિકાર (RTE – 2009) પ્રત્યે જાગૃતતા જાણવાનો હતો.

## (૩) સંશોધનના હેતુઓ :

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ છે.

(૧) શિક્ષકોની RTE - 2009 અંગેની જાગૃતતા જાણવા માટે સ્વરચિત જાગૃતતા માપદંડની રચના કરવી
(૨) શિક્ષકોની RTE - 2009 પ્રત્યે જાગૃતતાનો અભ્યાસ કરવો
(૩) શિક્ષકોની RTE - 2009 અંગેની જાગૃતતાનો જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો
(૪) શિક્ષકોની RTE - 2009 પ્રત્યે જાગૃતતાનો વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો

## (૪) સંશોધનની ઉત્કલ્પના :

પ્રસ્તુત અભ્યાસ માટે નીચેની ઉત્કલ્પનાઓ બાંધવામાં આવી હતી.

(૧) શિક્ષકો અને શિક્ષિકાઓની RTE – 2009 પ્રત્યેની જાગૃતતામાં સાર્થક તફાવત નહિ હોય.
(૨) ગ્રામ્ય અને શહેરી વિસ્તારના શિક્ષકોના RTE – 2009 પ્રત્યેની જાગૃતતામાં સાર્થક તફાવત નહિ હોય.
(૩) ગ્રામ્ય વિસ્તારના શિક્ષકો અને શિક્ષિકાઓની RTE – 2009 પ્રત્યેની જાગૃતતામાં સાર્થક તફાવત નહિ હોય.
(૪) શહેરી વિસ્તારના શિક્ષકો અને શિક્ષિકાઓની RTE – 2009 પ્રત્યેની જાગૃતતામાં સાર્થક તફાવત નહિ હોય.

## (૫) સંશોધનનું મહત્વ :

- આ અભ્યાસ દ્વારા ભવિષ્યમાં RTE – 2009 જેવા કાયદાઓનાં અમલ કરવાથી થતા ફાયદા જાણી શકાશે.
- RTE – 2009 કાયદાના અમલથી શાળાઓની સ્થિતિમાં થયેલા સુધારાઓ જાણી શકાશે.
- આ અભ્યાસ દ્વારા RTE – 2009 ના અમલથી શિક્ષણની ગુણવત્તામાં કેટલાક ફેરફાર થયા છે તે જાણી શકાશે.

## (૬) સંશોધનનું સીમાંકન :

- પ્રસ્તુત અભ્યાસ પાટણ જિલ્લાના ચાણસ્મા અને હારીજ તાલુકાની પ્રાથમિક શાળાઓ પૂરતું જ સીમિત હતું.
- પ્રસ્તુત અભ્યાસમાં ચાણસ્મા અને હારીજ તાલુકાની પ્રાથમિક શાળાનાં શિક્ષકો પાસેથી જ માહિતી લેવામાં હતી.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉપકરણ તરીકે સ્વનિર્મિત જાગૃતતા માપદંડનો જ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## (૭) સંશોધન પદ્ધતિ :

- પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષણનાં અધિકાર (RTE - 2009) અંગે શિક્ષકોની જાગૃતતાનો અભ્યાસ કરવાનો હોવાથી સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## (૮) વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી :

- **વ્યાપવિશ્વ :**

પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વ તરીકે પાટણ જિલ્લાનાં ચાણસ્મા અને હારીજ તાલુકાની પ્રાથમિક શાળાના શિક્ષકોની પસંદગી કરવામાં હતી.

- **નમૂના પસંદગી :**

પ્રસ્તુત અભ્યાસમાં પાટણ જિલ્લાનાં ચાણસ્મા અને હારીજ તાલુકાની ૨૫ પ્રાથમિક શાળાના ૧૦૦ શિક્ષકોને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં ૫૦ શિક્ષકો અને ૫૦ શિક્ષિકાઓને યાદૃચ્છિક રીતે પસંદ કરવામાં આવ્યા હતા.

## (૯) સંશોધનનું ઉપકરણ :

પ્રસ્તુત અભ્યાસમાં સ્વનિર્મિત જાગૃતતા માપદંડની રચના કરવામાં આવી હતી. આ ઉપકરણની પ્રાથમિક રચના, તજજ્ઞીય અભિપ્રાયો, યથાર્થતાના સોપાનો અને માર્ગદર્શકશ્રી સાથે ચર્ચા – વિચારણાના અંતે અંતિમ કસોટીની રચના કરવામાં આવી હતી.

## (૧૦) માહિતી એકત્રીકરણ :

પ્રસ્તુત અભ્યાસની માહિતી મેળવવા માટે સંશોધકે સર્વપ્રથમ નમૂનામાં પસંદગી પામેલ શાળાની અગાઉથી મુલાકાત લઇ શાળાના આચાર્યની પૂર્વમંજૂરી મેળવી હતી. ત્યારબાદ મંજૂરી મુજબ નિશ્ચિત થયેલ સમય અને તારીખે જે તે પ્રાથમિક શાળાના શિક્ષકો પાસે જઇ તૈયાર થયેલ કસોટી વિશે જરૂરી સૂચના આપ્યા બાદ કસોટી ભરાવવામાં આવી હતી. દરેક શિક્ષકને કસોટી ભરવા માટે ૫૦ મિનીટ સમય આપેલો હતો. નિયત સમય બાદ ભરાયેલી કસોટીઓનું સંશોધક દ્વારા એકત્રીકરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સંશોધક દ્વારા મળેલી માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું.

## (૧૧) માહિતીનું વર્ગીકરણ અને પૃથક્કરણ રીત :

પ્રસ્તુત સંશોધનમાં શિક્ષકોના પ્રાપ્તાંકોના વિશ્લેષણ માટે નીચેની પ્રવિધિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

- **મધ્યક :**

સરાસરીનું માપ સૌથી પ્રચલિત છે. આ સૂત્રની મદદથી થોડી સંખ્યાના માપની સરાસરી શોધી શકાય છે. એની ગણતરી કરવા માટેનું સૂત્ર નીચે મુજબ છે.

$$\overline{X} = \frac{\sum X}{N}$$

- **પ્રમાણ વિચલન :**

પ્રમાણ વિચલન સૌથી વધુ અગત્યનું અને સંશોધનમાં ખૂબ વ્યાપક ઉપયોગ ધરાવતું ચલિતતાનું માપ છે. જો વ્યાપવિશ્વમાંથી નમૂનો પસંદ કર્યો હોય તેની ચલિતતાનો અંદાજ કાઢવા માટે પ્રમાણ વિચલન એ સૌથી આધારભૂત માપ છે. તેનું સૂત્ર નીચે મુજબ છે.

$$\sigma = \sqrt{\frac{\Sigma d^2}{n}}$$

- **ટી કસોટી :**

બે સરાસરીઓ વચ્ચેના તફાવતની અર્થસૂચકતા તપાસવા માટે પ્રચલીય કસોટીઓમાં ટી-કસોટી પ્રચલિત છે. તેમાં બે નમૂનાની સરાસરીઓ વચ્ચેના તફાવત અને નમૂના પસંદગીની ભૂલ વચ્ચેના ગુણોત્તરની ગણતરી કરવામાં આવે છે. ટી-મૂલ્ય શોધવા માટેનું સૂત્ર નીચે મુજબ છે.

$$t = \frac{M_1 - M_2}{\sqrt{\frac{SD_1^2}{n_1} + \frac{SD_2^2}{n_2}}}$$

પ્રસ્તુત સંશોધનમાં શોધેલ શિક્ષકો અને શિક્ષિકાઓની RTE – 2009 પ્રત્યેની જાગૃતતાનો મધ્યક, પ્રમાણવિચલન અને ટી મૂલ્ય.

| જૂથ | પાત્રોની સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | પ્રમાણભૂત | 'ટી' મૂલ્ય |
|---|---|---|---|---|---|
| શિક્ષકો | ૫૦ | ૯.૪૬ | ૧૭.૩૯ | ૩.૪૮ | ૦.૫૯ (NS) |
| શિક્ષિકાઓ | ૫૦ | ૭.૪૨ | ૧૭.૪૬ | | |

૦.૦૫ કક્ષાએ સાર્થક t સારણી મૂલ્ય ૧.૯૮
૦.૦૧ કક્ષાએ સાર્થક t સારણી મૂલ્ય ૨.૬૩
NS અસાર્થક

## (૧૨) સંશોધનનાં તારણો :

(૧) શિક્ષકો અને શિક્ષિકાઓની RTE – 2009 પ્રત્યેની જાગૃતતામાં સાર્થક તફાવત ન હતો.
(૨) ગ્રામ્ય અને શહેરી વિસ્તારના શિક્ષકોના RTE – 2009 પ્રત્યેની જાગૃતતામાં સાર્થક તફાવત જોવા મળેલ નથી.
(૩) ગ્રામ્ય વિસ્તારના શિક્ષકો અને શિક્ષિકાઓની RTE – 2009 પ્રત્યેની જાગૃતતામાં સાર્થક તફાવત ન હતો.
(૪) શહેરી વિસ્તારના શિક્ષકો અને શિક્ષિકાઓની RTE – 2009 પ્રત્યેની જાગૃતતામાં સાર્થક તફાવત જોવા મળેલ નથી.

## (૧૩) ઉપસંહાર :

પ્રસ્તુત સંશોધન દ્વારા શિક્ષણનાં અધિકાર (RTE - 2009) અંગે શિક્ષકોની જાગૃતતા કેટલી છે તે જાણી શકાયું હતું. આ સંશોધનનાં તારણો અંતિમ ન માની શકાય માટે ભવિષ્યમાં આ અભ્યાસ પર સંશોધનો થાય તેમજ આ સંશોધન સહેજ પણ ઉપયોગી થાય તો સંશોધક અવશ્ય પરિતોષની લાગણી અનુભવશે.

## સંદર્ભસૂચિ :

(૧) આચાર્ય, મોહિની (૨૦૦૮). " **શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર** ", અમદાવાદ : અક્ષર પબ્લિકેશન.
(૨) જોષી, એચ.ઓ. (૨૦૦૯). " **સંશોધન અહેવાલની લેખન ભૂલો (દ્વિતીય આવૃત્તિ)** ", રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
(૩) દેસાઇ, એચ.જી. અને દેસાઇ કે.જી. (૧૯૯૭). " **સંશોધનની પદ્ધતિઓ અને પ્રવિધિઓ** ", અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
(૪) **શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) તાલીમ માર્ગદર્શિકા.** ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ. ગાંધીનગર. ઓક્ટોમ્બર (૨૦૧૧).
(૫) **સર્વશિક્ષા અભિયાન મિશન તાલીમનું સાહિત્ય.** ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ, ગાંધીનગર. એપ્રિલ (૨૦૦૪).